**<u>ફોજદારી કેસ નં.૩૧૪૦/૨૦૨૩, આંક–૦૩ (પ્લી) લગત.</u>**

**૧)** સદર કામના આરોપી વિરુધ્ધ ધી બોમ્બે પ્રોહી.એકટની કલમ–૬૬(૧)બી,તથા એમ.વી.એકટ કલમ–૧૮૫ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી માટે રજુ થયેલ છે. જે સંદર્ભે સદર ગુનાના કામે આરોપી અત્રેની અદાલતમાં હાજર થતાં તેમને ક્રી.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો આપી. બાદમાં **આંક–૦૩** થી પ્લી લેતાં આરોપીએ ગુન્હાની સ્વેચ્છાપુર્વક કબુલાત કરેલ છે.

**૨)** તે ઉપરાંત આરોપીએ **આંક–૦૪** થી અલાયદી ગુન્હાની કબુલાત પુરસીસ રજુ કરેલ છે.આરોપીને તેઓની વિરુધ્ધના ગુન્હાની સજાની જોગવાઈની તથા તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેવી સમજ પણ કરવામાં આવેલ છે, છતાં આરોપી ગુન્હો કબુલ કરવા માંગતા હોય આરોપીની ગુન્હા કબુલાત પુરસીસ રેકર્ડ લેવાનો હુકમ કરવામાં આવેલ છે. સજાના મુદ્દે આરોપીને સાંભળ્યા.આરોપી પક્ષે રજુઆત કરેલ છે કે, તેમનો આ પ્રથમ ગુન્હો છે, ગરીબ માણસ છે, તેઓના કુટુંબની જવાબદારી તેઓ ની ઉપર છે અને ભવિષ્યમાં આવો ગુન્હો નહી કરવાની ખાતરી આપી ઓછી સજા કરી રહેમ રાખવા જણાવેલ છે. આરોપીએ ગુન્હાનો ઈકરાર સ્વૈચ્છિક રીતે કરેલ હોય, આરોપીની કબુલાત સ્વૈચ્છિક હોય હું તેવી કબુલાત સ્વીકારું છું, આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવો પ્રકારનો ગુનો નહી કરવાની ખાત્રી આપેલ હોય, આ કામના આરોપીએ ગુન્હાનો એકરાર કરેલ હોય આરોપીને સજા કરવી જોઈએ તેમ હું માનું છું. આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતા તેમજ આરોપી પક્ષે અદાલત સમક્ષ કરેલ રજુઆત ધ્યાને લેતા, આરોપીનો પ્રથમ ગુન્હો હોય,આરોપી કુંટુંબનો આધાર સ્તંભ હોય, જો લાંબા સમય સુધીની કેદની સજા કરવામાં આવે તો કુટુંબના ભરણપોષણનો પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ છે, આરોપીના કથિત કૃત્યની સજા આડકતરી રીતે તેના કુટુંબીજનોને થનાર હોય, આરોપીએ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય, ફરી આવો ગુન્હો નહી કરવાની ખાત્રી આપેલ હોય, તેમજ કેસના સંજોગો લક્ષમાં લેતા આરોપીની દારૂણ અવસ્થાને ઉવેખી શકાય નહી. આરોપીની સ્થિતિ જોતા અને કરવામાં આવેલ રજુઆતો ધ્યાને લેતા, આરોપીને વ્યાજબી દંડ કરવાથી ન્યાયનો હેતુ જળવાશે તેવું મારૂ માનવું છે. તેમજ આરોપી કુટુમ્બ નો આધાર સ્થંભ હોય, જો લાંબા સમય સુધી કેદ ની સજા કરવા માં આવે તો કુટુમ્બ ના ભરણપોષણ નો પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ છે, આરોપી ના કથિત કુત્ય ની સજા આડકતરી રીતે તેના કુટુમ્બીજનો ને થનાર હોય, આરોપી એ ગુના સબબ પારાવાર પસ્તાવો પણ વ્યક્ત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહી બને તેવી ખાત્રી પણ આપતા હોય,જે ગુન્હાની ગંભીરતા અને સજાના પ્રમાણ વચ્ચે સમતોલન તરીકે હાલના સંજોગોમાં ગણાશે નહી.

જેથી તેવા સંજોગોમાં નામદાર ગુજરાત હાઇકોર્ટે **ભુપતભાઇ અર્જુનભાઇ તારા વિરુધ્ધ ગુજરાત રાજ્ય ૨૦૧૨ જી.સી.ડી. (૧) ૮૩૧ ના** ચુકાદા માં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેવુ જરુરી જણાઇ આવે છે જે મુજબ નામદાર વડી અદાલતે ફરમાવેલ છે કે સજા ફરમાવતી વખતે આરોપીની દશા, પરિસ્થિતિ અને અવસ્થા કોર્ટે ધ્યાને રાખવી જોઇએ અને દયા દ્દષ્ટિ રાખી સજા ફરમાવવી જોઇએ. જેથી ઉપરોક્ત માર્ગદર્શન અને પ્રતિપાદિત સિધ્ધાંત ધ્યાને રાખતા હાલના કેસના સંજોગો, ગુનાનો પ્રકાર તથા આક્ષેપિત કલમની જોગવાઈ તથા આક્ષેપિત ફરીયાદની હકીકત અને કરવા માં આવેલી રજુઆતો ને લક્ષ માં લેતા આરોપી ને કોર્ટ દવારા ઉઠતા સુધી ની સજા અને દંડ કરવા નો અભિગમ અપનાવવા માં આવે તો તે ન્યાયોચિત ગણાશે, અલબત્ત દંડ કરતી વખતે પણ આરોપી ની દારૂણ અવસ્થાને ઉવેખી શકાય નહી આરોપી ની સ્થિતી જોતા અને કરવા માં આવેલી રજુઆત ને લક્ષ માં લેતા, ઓછી રકમ નો દંડ કરવા થી ન્યાય નો હેતુ જળવાશે જેથી આરોપી ને તેમની સામે ના ગુના સબબ તકસીરવાન ઠરાવી, ન્યાય ના વિશાળ હિત માં નીચે મુજબ નો હુકમ કરવા માં આવે છે.

**હુકમ**

(૧) સદર કામના આરોપીને ક્રી.પ્રો.કોડની કલમ–૨૫૫(૨) અન્વયે ધી ગુજરાત પ્રોહી.એકટ ની કલમ–૬૬(૧ )(બી), તથા એમ.વી.એકટની કલમ–૧૮૫ મુજબ ના શિક્ષાને પાત્ર ગુન્હા અંગે તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની કેદની તથા રૂ.**૧૦૦/–(અંકે રુપિયા એક સો પુરા)નો દંડ** અને જો દંડ ન ભરે તો દિન–૩૦(ત્રીસ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે કબજે કરેલ પ્રતિબંધિત મુદામાલ બાબતે અગાઉ જો કોઈ હુકમ થયેલ ના હોય તો તે નિયમ મુજબ ધોરણસર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ મુદામાલ જો કોઈ વાહન/મોબાઈલ કબજે કરેલ હોય અને તે અંગે કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે બીનશરતી કાયમ રાખવામાં આવે છે અન્યથા જો કોઈ હુકમ થયેલ ના હોય તો અપીલ સમય બાદ જો અપીલ ના થાય તો માલીકીની ખરાઈ કરી માલીકને પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯/૦૯/૨૦૨૩
નડીઆદ

( તેજ પ્રતાપ સિંઘ )
૭મા અધિક ચીફ જ્યુ.મેજીસ્ટ્રેટ,નડીઆદ.
જીજે૦૧૨૪૭